યુવા બોલરો અને કોહલીની કમાલથી ભારતે પ્રથમ વન ડે જીતી

ભારતના બિન અનુભવી અને યુવા બોલિંગ આક્રમણ સામે ન્યુઝીલેન્ડની ટીમનો 185 રનમાં વિંટો વળી ગયો

વરસાદ પ્રભાવિત મેચમાં 143 રનનો લક્ષ્યાંક ભારતે કોહલીની 74 રનની ઇનિંગની મદદથી પાંચ વિકેટે કબજે કર્યો






ઓકલેન્ડ, તા. 04 (પીટીઆઇ) : આજે અહીં રમાયેલી વરસાદથી પ્રભાવિત પ્રથમ વન ડેમાં ભારતના ગુરનુર બ્રાર, અંશુલ કંબોજ અને અર્શદીપ સિંહના યુવા અને પ્રમાણમાં બિન અનુભવી બોલિંગ આક્રમણે ન્યૂઝીલેન્ડના બેટ્સમેનોને પોતાની સ્પીડ અને બાઉન્સથી પરેશાન કરીને યજમાન ટીમને 40.2 ઓવરમાં 185 રનમાં ઓલઆઉટ કરી હતી અઇને તે પછી વિરાટ કોહલીએ પોતાના ૩૮મા જન્મદિવસની ઉજવણી એક દિવસ વહેલી કરતા 51 બોલમાં 13 ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી 74રનની શાનદાર ઇનિંગ રમી ભારતને મળેલા 143 રનના સુધારેલા લક્ષ્યાંકને 22.4 ઓવરમાં પાંચ વિકેટ ગુમાવીને આસાનીથી હાંસલ કરી લીધો હતો.

અર્શદીપે ચાર અને ગુરનૂરે ત્રણ વિકેટ લઇને પોતાના પર આવી પડેલી જવાબદારીને સુપેરે નિભાવી હતી. પંજાબની આ જોડીએ ન્યૂઝીલેન્ડના બેટ્સમેનોને વિકેટ પર ટકવા દીધા નહોતા. ગ્રાઉન્ડની નાની બાઉન્ડરીને કારણે પડકાર હતો, પરંતુ અર્શદીપે ચોક્સ લાઇન-લેન્થ પર બોલિંગ કરી હતી. મધ્યમ ઓવરોમાં અંશુલ કમ્બોજે (પણ ઉત્કૃષ્ટ બોલિંગ કરીને બે વિકેટ લીધી હતી.

ન્યૂઝીલેન્ડ	રન	બોલ	4	6
યંગ કો.શ્રેયસ બો.અર્શદીપ	9	11	2	0
સૈફર્ટ કો.ગાયકવાડ બો.બ્રાર	38	43	3	2
નિકોલ્સ કો.ધીર બો.અર્શદીપ	9	11	2	0
મિચેલ રનઆઉટ	28	41	3	1
લાથમ કોએન્ડબો.બ્રાર	3	11	0	0
ફિલિપ્સ કો.શ્રેયસ બો.અર્શદીપ	30	51	2	1
સેન્ટનર બો.કંબોજ	4	16	0	0
સ્મિથ કો.કોહલી બો.કંબોજ	1	9	0	0
જેમિસન કો.કોહલી બો.અર્શદીપ	1	6	0	0
ડફી નોટઆઉટ	15	21	3	0
ટિક્નેર કો.રાહુલ બો.બ્રાર	34	23	1	4
વધારાના	13			
કુલ (40.2 ઓવરમાં ઓલઆઉટ)	185			

વિકેટપતન : 1-22, 2-40, 3-73, 4-84, 5-97, 6-113, 7-115, 8-131, 9-146, 10-185

બોલિંગ	O	M	R	W
અર્શદીપ સિંહ	10	0	70	4
આકિબ નબી	6	0	33	0
અંશુલ કંબોજ	10	2	22	2
ગુરનુર બ્રાર	9.2	0	44	3
અક્ષર પટેલ	5	0	12	0

ભારત	રન	બોલ	4	6
રોહિત કો.સેન્ટનર બો.જેમિસન	0	6	0	0
ગીલ કો.લાથમ બો.સ્મિથ	37	56	5	0
કોહલી કો.સૈફર્ટ બો.ડફી	74	51	13	1
શ્રેયસ કો.નિકોલ્સ બો.ડફી	15	13	1	1
અક્ષર કો.ફિલિપ્સ બો.ડફી	0	2	0	0
રાહુલ નોટઆઉટ	3	5	0	0
નમન નોટઆઉટ	5	3	1	0
વધારાના	9			
કુલ (22.4 ઓવરમાં પાંચ વિકેટે)	143			

વિકેટપતન : 1-1, 2-114 , 3-124, 4-124, 5-136

બોલિંગ	O	M	R	W
કાઇલ જેમિસન	7	0	34	1
જેકબ ડફી	7	0	49	3
બ્લેર ટિક્નેર	4	0	38	0
નાથન સ્મિથ	4.4	0	21	1

ઓકલેન્ડમાં કોહલી, રોહિત અને ગિલને દિગ્ગજ રગ્બી ખેલાડીએ જર્સી ભેટ આપી



ઓકલેન્ડ, તા. 4 : ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાયેલી પ્રથમ વન-ડે ક્રિકેટ મેચ પૂર્વે ભારતીય ટીમના કેપ્ટન શુભમન ગિલ, વિરાટ કોહલી અને રોહિત શર્માએ ન્યૂઝીલેન્ડના મહાન રગ્બી ખેલાડી કેવેન મિયાલામુ સાથે ખાસ મુલાકાત કરી હતી. ઓલ બ્લેક્સ ટીમ તરફથી 132 મેચ રમનારા અને 2011 તથા 2015ના વર્લ્ડકપ વિજેતા ટીમના સભ્ય રહેલા મિયાલામુએ ત્રણેય ભારતીય ખેલાડીઓને તેમના નામવાળી ખાસ રગ્બી જર્સી એનાયત કરી હતી. આ પ્રસંગે મિયાલામુએ જણાવ્યું હતું કે ભારતીય દિગ્ગજોને મળીને સન્માન અને ઊર્જા વ્યક્ત કરવાનો આ ઉત્તમ અવસર છે. સ્ટેડિયમમાં ખેલાડીઓના આગમન સમયે પારંપરિક માઓરી સંસ્કૃતિ મુજબ સ્વાગત કરવામાં આવ્યું હતું. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે આ ખાસ પળોની તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી હતી.

વિરાટ કોહલી વન ડેમાં ત્રીજા ક્રમે 13000 રન પુરા કરનારો વિશ્વનો પહેલો બેટ્સમેન બન્યો

કોઇ એક જ બેટિંગ પોજિશન પર વન ડેમાં સર્વાધિક રન મામલે સચિન તેંદુલકર પછી કોહલી બીજા ક્રમે



ઓકલેન્ડ, તા. 04 : ન્યૂઝીલેન્ડ સામે આજે અહીં રમાયેલી પ્રથમ વન ડેમાં ભારત વતી 74 રનની ઇનિંગ રમીને ભારતીય ટીમના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીએ ઇન્ટરનેશનલ ક્રિકેટમાં ત્રીજા ક્રમે 13000 રન પુરા કરનારો વિશ્વનો પ્રથમ બેટ્સમેન બન્યો હતો આ સાથે જ તે વન ડે ઇન્ટરનેશનલમાં કોઇ એક ક્રમે બેટિંગ કરીને સર્વાધિક રન કરવા મામલે સચિન તેંદુલકર પછી બીજા ક્રમે પહોંચી ગયો છે. ન્યૂઝીલેન્ડ સામેની પ્રથમ વન ડેમાં 12 રને પહોંચીને કોહલીએ નંબર ત્રણ પર 13,000 રન પૂરા કર્યા હતા. ત્રીજા નંબર પર વિરાટ કોહલીની આ 251મી ઇનિંગ હતી. આ પહેલા તેણે 250 ઇનિંગમાં 61.55 ની સરેરાશથી 12988 રન બનાવ્યા હતા. વિરાટ સિવાય, ફક્ત ઓસ્ટ્રેલિયાના રિકી પોન્ટિંગે જ વન ડેમાં ત્રીજા નંબર પર 330 ઇનિંગમાં 12662 રન બનાવ્યા હતા. તેના પછી શ્રીલંકાના કુમાર સંગાકારાના 9747 રન અને દક્ષિણ આફ્રિકાના જેક્સ કાલિસના 7774 રન છે.

વન ડેમાં એક જ બેટિંગ પોઝિશન પર સૌથી વધુ રન

ખેલાડી	દેશ	પોઝિશન	ઇનિંગ	રન
સચિન તેંદુલકર	ભારત	ઓપનીંગ	340	15310
વિરાટ કોહલી	ભારત	નંબર 3	251	13017
સનથ જયસૂર્યા	શ્રીલંકા	ઓપનીંગ	383	12740
રિકી પોન્ટિંગ	ઓસ્ટ્રેલિયા	નંબર 3	330	12662
ક્રિસ ગેલ	વેસ્ટઇન્ડિઝ	ઓપનીંગ	274	10179
રોહિત શર્મા	ભારત	ઓપનીંગ	203	10090

વન ડેમાં ત્રીજા ક્રમે સર્વાધિક રન કરનારા બેટ્સમેન

ખેલાડી	દેશ	ઇનિંગ	રન	એવરેજ
વિરાટ કોહલી	ભારત	251	13062	61.61*
રિકી પોન્ટીંગ	ઓસ્ટ્રેલિયા	330	12,662	42.48
કુમાર સંગાકારા	શ્રીલંકા	237	9,747	44.71
જેક કાલિસ	દક્ષિણ આફ્રિકા	200	7,774	45.72
કેન વિલિયમ્સન	ન્યૂઝીલેન્ડ	--	6,504	51.61

તન્વી યુથ ઓલિમ્પિક્સ સેમીમાં પહોંચનારી પ્રથમ ભારતીય મહિલા બેડમિન્ટન ખેલાડી


ડાકાર, તા. 04 : ભારતીય ઉભરતી બેડમિન્ટન ખેલાડી તન્વી પત્રીએ બુધવારે અહીં યુથ ઓલિમ્પિક ગેમ્સના સેમી ફાઇનલમાં પહોંચનારી પ્રથમ ભારતીય મહિલા બનીને ઇતિહાસ રચ્યો હતો. ઓડિશાની 15 વર્ષીય તન્વીએ થાઈલેન્ડની કુંગકાવ કનાનિકને 21-17, 21-13થી હરાવીને છેલ્લા ચારમાં સ્થાન મેળવ્યું હતું.

બેંગલુરુ સ્થિત સેન્ટર ફોર એક્સેલન્સમાં તાલીમ લેતી તન્વીનો સામનો સેમિફાઇનલમાં જાપાનના યુઝુનો વાતાનાબે સામે થશે. આ બંને ખેલાડીઓ અગાઉ 2024માં થાઈલેન્ડમાં પથુમ થાની જુનિયર ઇન્ટરનેશનલ સિરીઝમાં મળ્યા હતા, જ્યાં તન્વી 14-21, 10-21થી હારી ગઈ હતી. તન્વી પહેલા, ફક્ત ત્રણ ભારતીય પુરુષ બેડમિન્ટન ખેલાડીઓ એચએસ પ્રણય, લક્ષ્ય સેન અને આદિત્ય જોશી યુથ ઓલિમ્પિકના સેમિફાઇનલમાં પહોંચ્યા હતા. પ્રણોયે 2010 માં સિંગાપોરમાં યોજાયેલા પ્રથમ યુથ ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ જીત્યો હતો. લક્ષ્ય સેન 2018 માં બ્યુનોસ એરેસમાં યોજાયેલી ગેમ્સમાં રનર-અપ રહ્યો હતો અને તેણે સિલ્વર મેડલ જીત્યો હતો.

સુડોકુ ૨૭૬૭

૪	૬	૩			૨	૭		૯
				૭	૩	૨	૬	
			૧		૬			૪
				૧	૯	૪		૭
					૪			
	૪	૬		૨			૯	૩
૬	૯						૮	
૩			૯			૧	૭	૨
	૫	૧	૨		૮		૪	

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



WPLની પાંચમી સીઝન 14 જાન્યુઆરીથી સાતમી ફેબ્રુઆરી દરમિયાન વડોદરા, મુંબઈમાં યોજાશે

મુંબઇ અને વડોદરા બંને શહેરોમાં 11-11 મેચ રમાશે, તમામ મેચ સાંજે 7.30 વાગ્યાથી શરૂ થશે

14થી 24 જાન્યુઆરી દરમિયાન પ્રથમ લેગ વડોદરામાં અને 26 જાન્યુઆરીથી બીજો લેગ મુંબઇમાં શરૂ થશે

મુંબઈ, તા. 04 (પીટીઆઇ) : ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ) એ જાહેરાત કરી છે કે મહિલા પ્રીમિયર લીગ (ડબલ્યુપીએલ) ની પાંચમી સીઝન 14 જાન્યુઆરીથી સાતમી ફેબ્રુઆરી દરમિયાન વડોદરા અને મુંબઈમાં યોજાશે, જેમાં દરેક શહેરને 11 મેચનું આયોજન કરવાની તક મળશે.

આ ટુર્નામેન્ટ 14 જાન્યુઆરીએ ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB) અને બે વખતની ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચેની મેચથી શરૂ થશે. વડોદરાની મેચો કોટંબીના નવા BCA સ્ટેડિયમમાં રમાશે, જ્યારે મુંબઈની મેચો બ્રેબોર્ન સ્ટેડિયમમાં રમાશે. પ્લેઓફ અને ફાઇનલ પણ આ મેદાન પર જ યોજાશે. બધી મેચો સાંજે 7:30 વાગ્યે શરૂ થશે. પાંચ ટીમોની આ ટુર્નામેન્ટ ગત સિઝનમાં નવી મુંબઈના ડીવાય પાટિલ સ્ટેડિયમ અને વડોદરા ખાતે યોજાઈ હતી. બીસીસીઆઈએ એક રિલીઝમાં જણાવ્યું હતું કે વડોદરા લેગ 24 જાન્યુઆરી સુધી ચાલશે, જેમાં 11 મેચો રમાશે. આ તબક્કા દરમિયાન, પાંચેય ટીમો તેમના ટાઇટલ-પીછો કરવાના અભિયાનની શરૂઆત કરશે. ત્યારબાદ મેચો મુંબઈ જશે, જ્યાં ક્રિકેટ ક્લબ ઓફ ઇન્ડિયાનું બ્રેબોર્ન સ્ટેડિયમ 26 જાન્યુઆરીથી બાકીની 11 મેચોનું આયોજન કરશે. લીગ સ્ટેજ 3 ફેબ્રુઆરી સુધી ચાલશે, ત્યારબાદ પ્લેઓફમાં સ્થાન મેળવવા માટેની સ્પર્ધા થશે. પોઈન્ટ ટેબલમાં બીજા અને ત્રીજા ક્રમે રહેલી ટીમો વચ્ચે 5 ફેબ્રુઆરીએ એલિમિનેટર મેચ રમાશે. લીગ સ્ટેજમાં ટોચ પર રહેનારી ટીમ સીધી ફાઇનલ માટે ક્વોલિફાય થશે.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

કૃમિ

ઝીણી રાઈ વાટી દહીંમા ચઢાવી રાયતું કરવું. મગની રાંધેલી દાળ સાથે ખાવા આપવું. કૃમિ નિકળી જશે.

પીએમ મોદી આજે એશિયન પેરા ગેમ્સ વિજેતાઓને મળશે

નવી દિલ્હી, તા. 04 : વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે ગુરુવારે જાપાનમાં તાજેતરમાં યોજાયેલી પેરા એશિયન ગેમ્સના મેડલ વિજેતા ભારતીય ખેલાડીઓને સાંજે 4.30 વાગ્યે ઇન્દિરા ગાંધી સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે મળશે. પીએમઓ દ્વારા જારી કરાયેલી એક રીલિઝ અનુસાર, વડાપ્રધાન આ પ્રસંગે ખેલાડીઓને પણ સંબોધિત કરશે. આ પ્રસંગે પેરા કોચ, ભારતીય પેરાલિમ્પિક્સ સમિતિ અને ભારતીય ઓલિમ્પિક્સ એસોસિએશનના અધિકારીઓ, રાષ્ટ્રીય રમતગમત મહાસંઘના પ્રતિનિધિઓ અને રમતગમત મંત્રાલયના અધિકારીઓ પણ હાજર રહેશે.

ACT : દક્ષિણ કોરિયાને 8-1થી હરાવી ભારત વિક્રમી સાતમી વાર ફાઇનલમાં



બીજી સેમી ફાઇનલમાં મલેશિયાને શૂટઆઉટમાં હરાવનારા જાપાન સામે આજે ભારતની ફાઇનલ

મોહાલી, તા. 04 (પીટીઆઇ) : ભારતીય પુરુષ હોકી ટીમે આજે બુધવારે અહીં સેમી ફાઇનલમાં દક્ષિણ કોરિયાને 8-1થી હરાવીને રેકોર્ડ સાતમી વખત એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીના ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

ભારત તરફથી શિલાનંદ લાકરાએ ચોથી અને 13મી તેમજ દિલપ્રીત સિંહે 21મી અને 25મી મિનિટે એમ બે-બે ગોલ કર્યા હતા. આ સાથે જ કેપ્ટન હરમનપ્રીત સિંહે નવમી, સુખજીત સિંહે 21મી, અંગદ બીર સિંહે 36મી અને વિવેક સાગર પ્રસાદે 54મી મિનિટગોલ કરીને ભારતની જીત પર મહોર મારી હતી. દક્ષિણ કોરિયા માટે એકમાત્ર ગોલ સાંગજુન હાને નવમી મિનિટે કર્યો હતો.

ગુરુવારે ફાઇનલમાં ભારતનો મુકાબલો જાપાન સામે થશે. જાપાને દિવસની પહેલી સેમી ફાઇનલ ગોલ રહિત ર્યા પછી મલેશિયા સામે શૂટઆઉટમાં જીત મેળવી હતી. ભારતે રાઉન્ડ રોબિન તબક્કામાં દક્ષિણ કોરિયાને 8-0થી હરાવ્યું હતું. યજમાન ભારત અત્યાર સુધી ટુર્નામેન્ટમાં અજેય છે, તેણે છ ટીમોની રાઉન્ડ-રોબિન મેચોમાંથી પાંચેય જીતીને ટોચ પર રહી છે.

શબ્દગુંફન - ૭૨૮૮

અરવિંદ એસ. મારૂ



આડી ચાવી
૧. ઝટ ઊડી જાય એવી ઊંઘ (૫)
૫. ભોમકા, જમીન (૨)
૭. જાવરો, નિકાસ (૩)
૯. બનાવટી (૩)
૧૧. હોંશ, શુધ્ધિ (૨)
૧૨. મોટું (૩)
૧૩. જરા, સહેજ (૩)
૧૫. આલાપ, ધૂન, મસ્તી (૨)
૧૬. ગરીબ (૨)
૧૮. વપરાશ, અગત્ય (૨)
૧૯. દૂધ દહીંની પોપડી (૨)
૨૦. સાવ સહેલી વાત (૫)
૨૩. મુરબ્બી, રક્ષક (૨)
૨૪. ઘર, રહેઠાણ (૩)
૨૫. ખુશ, પ્રસન્ન (૨)
૨૭. સૂઝ, મનનું વલણ (૨)
૨૮. હંમેશ, કાયમ (૪)
૩૦. સહેજ વાર, ક્ષણ (૨)
૩૧. હોડી (૨)
૩૨. પચેલું (૩)
૩૩. રાજાનું રહેવાનું સ્થળ (૩)
૩૪. સરખી સપાટીનું (૪)

ઊભી ચાવી
૨. ગાનારો, ગવૈયો (૩)
૩. ચતુર, પ્રવીણ (૨)
૪. પગથિયા વાળો કૂવો (૨)
૬. મળતાવડું (૫)
૭. પ્રાણ, જીવ (૨)
૮. અરુચિ, અપ્રિતિ (૩)
૯. રોકડું, કિંમતી, ભારે (૩)
૧૦. ચીકણી વનસ્પતિ (૨)
૧૧. દબાણ, વજન (૨)
૧૪. પીઠ પાછળ કરાતી નિંદા (૩)
૧૫. તડકો, ગરમી (૨)
૧૭. તદન (૪)
૧૮. લેખ, દસ્તાવેજ (૨)
૧૯. ઝીણા તલ (૨)
૨૧. દિલ, હૃદય, ચિત્ત (૨)
૨૨. દિવસ (૩)
૨૩. ઘોડો (૨)
૨૪. છત્રીવાળી ગાડી (૪)
૨૫. દશરથ રાજા પુત્ર (૨)
૨૬. સુરક્ષિત, હેમખેમ (૪)
૨૮. શ્રી વિષ્ણુ (૨)
૨૯. રોફ, ભપકો (૩)
૩૦. ભેજ, હેત (૨)
૩૧. એક તેલી બી (૨)
૩૨. નિર્ણય, ઉકેલ (૨)



આજનું પંચાંગ

તા. 05/11/2026, ગુરુવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** આસો
તિથિ: વદ: અગિયારસ: 10:36- રમા એકાદશી
અયન : દક્ષિણાયન **ઋતુ :** હેમંત
રાષ્ટ્રિય દિનાંક : કારતક-14 **યોગ :** વૈધૃતિ
કરણ: કૌવલ **નક્ષત્ર :** ઊ.ફા. :- 27:57
રાશિ: સિંહ (મ,ટ) 09:36 પછી કન્યા (પ,ઠ,ણ)
દિવસ : અશુભ-વાકબારસ, ગૌવત્સ દ્વાદશી-શુક્ર કન્યામાં 25:17 વક્રી
સુરતમાં સૂર્યોદય : 06:45 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:00
નવકારસી : 07:33
પારસી વર્ષ : 1396 ખોરદાદ માસનો 23 મો રોજ
મુસલમાન વર્ષ : 1448 જમાદીલ ઊલ અવલ માસનો 24મો રોજ
દિવસનાં ચોઘડિયાં: શુભ, રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ,
રાત્રિનાં ચોઘડિયાં: અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત
રાહુ કાળ : બપોરે: 13:30 થી 15:00 સુધી

આપની આજ

જયોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): ઓફીસના કામમાં સાવધાની રાખવી. ઈર્ષાળુ લોકોથી સાવધાન રહેવું. લેવડ-દેવડમાં ગફલત કરવી નહી.

વૃષભ (બ,વ,ઉ,): પ્રેમમાં આકર્ષણ અને અપમાનનો અનુભવ થાય. આર્થિક લાભના રસ્તા ખૂલે. પરીક્ષામાં અનુકૂળતા વધે.

મિથુન (ક,છ,ઘ,): સ્વજનો સાથે વાતચીત અને વ્યવહારમાં સાવધાની રાખવી. બજેટને ધ્યાનમાં રાખીને ખર્ચા કરવા.

કર્ક (ડ,હ,): પદ પ્રાપ્તિની તક મળે. તેમજ નવી જવાબદારી મળે. ધન કમાવવાની તક ઊભી થાય. જીવનસાથી સાથે પ્રવાસ થાય.

સિંહ (મ,ટ,): મહેનતનું ફળ મળે. આવક વધે. નવા વેપારની યોજના બને. પારિવારિક ખર્ચા વધે. મન અશાંત.

કન્યા (પ,ઠ,ણ,): બૌદ્ધિક કામ પાર પડે અને પ્રભાવ વધવાથી નવી તક ઊભી થાય. ધાર્મિક પ્રવાસનું આયોજન થાય.

તુલા (ર,ત,): સંતાનોના કામ થાય. તેમજ સંતાનોની પ્રગતિથી શાંતિ મળે. નવા રોકાણ થાય નવી યોજના બને.

વૃશ્ચિક (ન,ય,): કામકાજમાં જવાબદારી વધશે. હિસાબ બાબતે સાવધાની રાખવી. શુભ સમાચાર મળે.

ધન (ભ,ધ,ફ,ઢ,): કાર્ય સ્થળ પર તમારી વાતનો પ્રભાવ પડશે. ઘર પરિવારમાં માંગલિક કે ધાર્મિક કાર્યક્રમ થાય.

મકર (ખ,જ,): માનસિક અશાંતિ સતાવે. આરોગ્ય નરમ રહે. ઘરમાં આવન-જાવન અને ખર્ચા વધશે.

કુંભ (ગ,સ,શ,ષ,): તમારી સક્રિયતા અને ઊર્જાના કારણે કાર્યસ્થળ સક્રિય બને. ઊપરી વર્ગનો સાથ મળે.

મીન (દ,ચ,ઝ,થ,): ઘર-પરિવાર અને કાર્યસ્થળ પર સહકાર મળે. ધંધામાં આવક વધે. ઘરમાં અવરજવર વધે.

કોઈ પણ સાલમાં 05 નવેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતુ આપનું નવું વર્ષ ઉત્સાહજનક પસાર રહેશે. નોકરી ધંધા-વેપારમાં ચડતી-પડતીની સાથે નવી તકો મળે. તથા ટેકનોલોજી લાભ થાય અને નવુ શિખવા મળે. આર્થિક બાબતે સામાન્ય રહે. નોકરી-ધંધા-વ્યવસાયમાં હરીફોની હેરાનગતિ વધશે. સરકારી કામ, કોર્ટ કચેરીમાં મદદથી પ્રગતિનો અનુભવ થાય. સમાજમાં માન વધે. સંતાનોના કામ તથા અભ્યાસ કેરીયરમાં પ્રગતિથી શાંતિ મળે. નવા ઘર, વાન, મકાન બાબતે સફળતા મળે. ઉંમરલાયકના વિવાહ થાય. વિદેશના કામમાં ગતિ આવે. વિદ્યાર્થીઓની મહેનત રંગ લાવે. વારસા-જાયદાદ જમીન જેવા કામમાં મિત્રો વડીલોનો સાથ મળે. સ્ત્રી વર્ગ માટે અનુકૂળતાવાળુ વર્ષ રહે. પ્રેમ વિવાહમાં મદદ મળે. નવા વેપાર-ધંધામાં આર્થિક પ્રગતિ થાય. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. મે-જૂન તથા ઓગસ્ટ- સપ્ટેમ્બરમાં બુધ-શુક્રવારે 05, 14, 23 તારીખે નવા કામ કરવો. લીલા રંગનો ઉપયોગ કરવો. જૂન-જુલાઇમાં શનિવારે 07, 16, 25 તારીખે નવા કામ ટાળવા. લાલ અને કાળા રંગનો ઉપયોગ ઓછો કરવો.

અનુસંધાન... પાના પહેલાનું

દિવાળી પહેલાં...

સરકાર દ્વારા એરિયર્સ પેટે રૂ.૫૨૩ કરોડની ચૂકવણી કરવામાં આવશે, જ્યારે મોંઘવારી ભથ્થામાં વધારાને પગલે સરકારી તિજોરી પર વાર્ષિક રૂ.૧,૫૬૯ કરોડનું વધારાનું નાણાકીય ભારણ પડશે.

અમેરિકી મિડટર્મ...

100 વર્ષ બાદ પ્રથમ વખત ડેમોક્રેટિક ઉમેદવાર એડમ હેમિલ્ટને સીનેટ સીટ જીતીને ઈતિહાસ રચ્યો છે. ટેક્સાસમાં જેક્સ્ટનના પરાજય સાથે 40 વર્ષ બાદ કોઈ ડેમોક્રેટ સીનેટમાં પહોંચશે. આ પરિણામો બાદ પ્રમુખ ટ્રમ્પે આપેલા ઈન્ટરવ્યુમાં હાર સ્વીકારી હતી અને પરિણામો માન્ય રાખવાની તૈયારી દર્શાવી હતી. તેમણે ડેમોક્રેટ્સને અભિનંદન પાઠવતા કહ્યું હતું કે હું આપણા દેશની ભલાઈ માટે તમારી સાથે કામ કરવા આતુર છું. જોકે, તેમણે 'ટ્રુથ સોશિયલ' પર પોસ્ટ કરીને દાવો કર્યો હતો કે જો તેઓ પોતે બેલેટ પેપર પર હોત તો મોટો વિજય થયો હોત. પૂર્વ રિપબ્લિકન નેતા ક્રિસ ક્રિસ્ટીએ પ્રતિક્રિયા આપતાં કહ્યું કે, 'ટ્રમ્પ યુગનો અંત આવી ગયો છે.' ડેમોક્રેટ્સના આ વિજય બાદ હવે પ્રમુખ ટ્રમ્પની એકહથ્થુ સત્તા પર અંકુશ આવશે અને તેમણે નિર્ણયો લેવા માટે વિરોધ પક્ષ પર નિર્ભર રહેવું પડશે.

અગ્નિવીરોને 2...

આવી હતી ત્યારે જ સ્પષ્ટ કરાયું હતું કે આ યોજના કોઈ સ્થાયી નથી. અગ્નિવીરોના દેખાવનું સતત મૂલ્યાંકન કરીને સમીક્ષા કરવાનો નિર્ણય અગાઉથી જ લેવાયો હતો. જ્યારે વિવિધ કેન્દ્રીય મંત્રાલયો અને રાજ્ય સરકારો દ્વારા 4 વર્ષ પછી નિવૃત્ત થતા અગ્નિવીરો માટે જાહેર કરાયેલી ભરતી યોજનાઓ અંગે પૂછવામાં આવ્યું, ત્યારે સીડીએસ જનરલે જણાવ્યું કે હવે 2 વર્ષના એક્સ્ટેન્શન અને કાયમી ભરતીના માર્ગ બાદ તે યોજનાઓની હવે કોઈ જરૂરિયાત રહેશે નહીં. અગ્નિપથ યોજનાનો મુખ્ય હેતુ સૈન્યના વધી રહેલા પેન્શન બિલને ઘટાડવાનો હતો, પરંતુ હવે અગ્નિવીરોને કાયમી ધોરણે રાખવાથી પેન્શન બિલ ઘટાડવાનો તે હેતુ પ્રભાવિત થઈ શકે છે.

ઈરાન દ્વારા...

ઉલ્લેખનીય છે કે પર્શિયન ગલ્ફ અને ઓમાનના ગલ્ફને જોડતી હોર્મુઝની સામુદ્રધુની વૈશ્વિક ઉર્જા પુરવઠાના અંદાજે 20 ટકા હિસ્સાનું સંચાલન કરે છે. અમેરિકા અને ઈઝરાયેલ સાથેના યુદ્ધ બાદ આ માર્ગ પર ઈરાન દ્વારા કડક નિયંત્રણો મૂકવામાં આવ્યા હતા. આ પ્રદેશમાં અત્યાર સુધીમાં 15 ભારતીય નાવિકોના મોત થયાં છે, જ્યારે ભારતે વેપારી જહાજો પરના હુમલા પર ઊંડી ચિંતા વ્યક્ત કરી આંતરરાષ્ટ્રીય કાયદા મુજબ મુક્ત દરિયાઈ પરિવહન પુનઃસ્થાપિત કરવા હાકલ કરી છે. ઈરાનની સંસદની રાષ્ટ્રીય સુરક્ષા અને વિદેશ નીતિ કમિટીના ડેપ્યુટી ચેરમેન આમિર હયાત મોગદામે મંગળવારે આ જાહેરાત કરી હતી. 'અમે હાલમાં ચાર દેશો - ભારત, ચીન, ઈરાક અને કતારને હોર્મુઝની સામુદ્રધુનીમાં અવરજવરના નિયંત્રણોમાંથી મુક્તિ આપી છે. આ દેશોના જહાજો મુક્તપણે પસાર થાય છે અને અમેરિકનો પણ તેમને રોકતા નથી.' મોગદામે ઉમેર્યું હતું કે આ છૂટછાટો ચોક્કસ બાબતો અને પરસ્પર હિતોને ધ્યાનમાં રાખીને આપવામાં આવી છે.

દિલ્હી ડાયરી...

માટે પાર્ટીના વિધાયકોની બેઠક બોલાવવાની વિનંતી કરવામાં આવી હતી. એનસીપી (અજિત પવાર) જૂથે જણાવ્યું કે પાર્ટીમાં સામૂહિક નેતૃત્વનો અભાવ એ શાહના સત્તાવાર નિવાસસ્થાને યોજાયેલી બેઠકમાં ચર્ચાયેલા મુદ્દાઓમાંથી એક હતો. ગૃહમંત્રીએ એનસીપી (અજિત પવાર)ના નેતાઓને કહ્યું હોવાનું જાણવા મળ્યું છે કે તેમની પાર્ટીનું સંગઠનાત્મક રીતે નબળા પડવું મહારાષ્ટ્રમાં મહાયુતિ ગઠબંધન સરકારને પ્રતિકૂળ રીતે અસર કરી રહ્યું છે.

દિલ્હી પોલીસ વડા મથક બહાર વિરોધ પ્રદર્શન

દિલ્હીના પોશ વિસ્તાર કનોટ પ્લેસ નજીક આવેલા દિલ્હી પોલીસ હેડક્વાર્ટર બહાર અભૂતપૂર્વ દ્રશ્યો જોવા મળ્યા હતા, જ્યાં 24 ઓક્ટોબરે વકીલો સાથે થયેલી ઝપાઝપી બાદ બે પોલીસ અધિકારીઓની બદલીના વિરોધમાં આશરે 100 પોલીસ કર્મચારીઓએ વિરોધ પ્રદર્શન કર્યું હતું. વરિષ્ઠ અધિકારીઓએ આ વિરોધ સમાપ્ત કરવા માટે મનાવવાનો પ્રયાસ કર્યો હોવા છતાં તેઓ ટસના મસ ન થયા. આ વિરોધના પરિણામ સ્વરૂપ વિરોધનું નેતૃત્વ કરી રહેલા સહાયક પોલીસ કમિશ્નર (એસીપી) મનસ્વી વસિષ્ઠને બાદમાં ગૃહ મંત્રાલય દ્વારા શિસ્તના ભંગ બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. વકીલો સાથેના વિવાદ બાદ જે બે અધિકારીઓની બદલી કરવામાં આવી હતી તેમાં તેઓ પણ એક હતા.

વરિષ્ઠ પોલીસ અધિકારીઓએ પ્રદર્શનકારીઓને શાંત પાડવાનો પ્રયાસ કર્યો અને આ મુદ્દે ચર્ચા કરવા માટે પોલીસ હેડક્વાર્ટરની બિલ્ડિંગની અંદર આવવા કહ્યું. શરૂઆતમાં તેમ કરવાનો ઇનકાર કરીને તેઓએ પોલીસ કમિશ્નર અનુરાગ કુમાર સાથે મુલાકાતની માંગ કરી હતી. પોલીસ કર્મચારીઓના એક પ્રતિનિધિમંડળે પોલીસ કમિશ્નર સાથે મુલાકાત પણ કરી હતી અને પાંચ માંગણીઓ રજૂ કરી હતી, જેમાં શાહદરાની ઘટનામાં સામેલ વકીલો સામે કાર્યવાહી અને ગુંડાગીરી કરનારા વકીલો સામે એફઆઈઆર નોંધવાનો સમાવેશ થાય છે. બાદમાં, દિલ્હી પોલીસે જણાવ્યું હતું કે કમિશ્નરે વિરોધ કરી રહેલા કર્મચારીઓને દળનું મનોબળ મજબૂત કરવા માટે ઝડપી અને યોગ્ય કાર્યવાહી કરવાનું આશ્વાસન આપ્યું હતું.

કોંગ્રેસના વિવિધ સંગઠનો વચ્ચે સ્પર્ધા

રવિવારે યોજાયેલી આઇ.એન.ડી.આઇ.એ. ગઠબંધનની રામલીલા મેદાનની રેલીએ કોંગ્રેસના વિવિધ સંગઠનો વચ્ચે કંઈક સ્વસ્થ સ્પર્ધા શરૂ કરી દીધી હોય તેમ લાગે છે. સૂત્રોએ જણાવ્યું કે, સેવા દળના વરિષ્ઠ નેતાઓ પાર્ટી વર્તુળોમાં એવો દાવો કરી રહ્યા છે કે ઇન્ડિયન યુથ કોંગ્રેસ (આઈવાયસી) આ રેલી માટે માત્ર 3,000 જેટલા જ કાર્યકરો એકઠા કરી શકી હતી. બીજી તરફ, ઇન્ડિયન યુથ કોંગ્રેસે દાવો કર્યો છે કે તે રેલી માટે દેશભરમાંથી 10,000થી વધુ કાર્યકરોને રાષ્ટ્રીય રાજધાનીમાં લાવવામાં સફળ રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આ સ્પર્ધાનો ઉકેલ ટૂંક સમયમાં વરિષ્ઠ નેતૃત્વ દ્વારા લાવવામાં આવશે.